ખ્યાલે-પ્રોહીબીશન

લખનાર :—

એરવદ અરદેશર બ. પાવરી

મુંબઇ

૧૯૩૯.

હાલનાં રાજકર્ત્તા જુઓ—અહંકારીમાં અકરઇ ગયા
સત્તાની ઘેન લાગી પુરી—મનમાં કેવા છલકઇ ગયા
પ્રોહીબીશન લાવવા પ્રજામાં—હાથે કેવા મળકઇ ગયા
સીધા સવાલ પુછે પારસી—જવાબ આપતાં કેમ ઉંઘઇ ગયા

દોહા

અરે કીરતાર આ શું કહેવાય
નવાબી જુલમ જોયો નહીં જાય
પ્રમાણીક જવાબો નહીં અપાય
અધુરા ઘડાઓ નિત છળકાય
અરદેશર સખી લખીને ગાય
પ્રોહીબીશનનું પોકળ જણાય

[લંગડી ગરફી]

જગનાં બે દીનનાં મહેમાન—થઇને ભૂલો નહીં ભાન—
કરે કોમનું અપમાન—કોનગ્રેસ સરકાર,

પારસી કોમને—જાણી જોઇ માંગે છે મારવા ગરદન દાર—
જરથોરતીઆંનો તમામ—આતો કોમનું છે કામ—
હૈયે રાખો પૂરણ હામ—નરો વીર બહાદુર

કોમના શેઠયા—કરો દુર દશા કોમની જલદી દુર
કોમ પારસીની સુધરેલી—જ્ઞાની ધ્યાનીને શીખેલી—
તેની સામે આવી ફેલી—અને કરે ફીતુર

દોર નવાબી—ચલાવવા માગે તેઓ બની મગરૂર

શેર

દોર વધતો જાય છે—એ તો જમાનાનો રંગ છે
પ્રોહીબીશનનો અંમલ કરવો—એ જમાનાનાં બેઢંગ છે
અમેરીકામાં જે થયું—તેવુંજ હયાં થવાનું છે
દારૂબંધી કરવા સામે—વીર પારસીઓ અડંગ છે

દોહા

હવાઇ કીલ્લા બાંધે તે—શેખચલ્લી કહેવાય
કઢંગા અખતરા કરે—આખર ઠોકર ખાય
ખુદ હીંદુ મુસલમાન—રાજ્ય અમલ દરમ્યાન—દખલગીરી ન થઇ જાન
—કહુ છું સતસાર—પારસી કોમને

૧

ન કરે કોઇની દરકાર—એવા ભારે જુલમગાર—ભૂલે આચાર વીચાર
—બહુ હુજત કરે
દારૂબંધીની—જુહાકી રાજનીતીથી રૈયત મરે.
દારૂબંધીનો ધખારો—તેમાં જણાય શું સુધારો—થોડી સત્તાનો મદ ન્યારો
—તેઓ હાલમાં ધરે
આ રાજયનીતીનું—પરિણામ નીરાશાજનક આવે ખરે

શેર

હર જગે હર કેતાબમાં—શરાબની ખુબીઓ લખનાર છે
ધાર્મિંક આર્થિંક સામાજીક—છુટાપણાં પર કોણ કહેનાર છે
પ્રોહીબીશન તો કાતીલ દરદ છે—કદી ફતેહમંદ નહીં થશે
મઝહબની સાંમા થાય એનાં—જીવતરપર ધીક્કાર છે

દોહા

ફરજ બજાવો આપની—જરથોસ્તી દીનદાર
શેઠયાઓને શીખેલાઓ—એ માટે કરો વીચાર
સઘલા પંથના અથોરનાન—ભેગા મળ્યા હીંમતવાન—દસ્તુર દાવરો મહેરબાન
—કરે પુખ્ત વીચાર.—પારસી કોમને

૨

દારૂધંધો નાબુદ કરવા—હથયાર બળજબરીનું ધરવા—
લાગા કોમોને વીખરવા—એવાં કરે તુફાન
પોકળ યોજનાંથી—શું રામરાજ સ્થાપવા ધારે છે નાદાન

અજા વારૂદ્ધ કામ લવાશે—પાયામાલી થઇ જાશે—
સમાજને શું ફાયદો થાશે—તેનું ધરો કંઇ ધ્યાન
સ્વતંત્રા સામે—દખલગીરી આવી કરે નહીં કોઇ ઇનસાન—

શેર

ધારેલાં કમઅંદેશ પગલાં—કદી ફત્તેહમંદ થાય નહીં
પારસીઓએ આગળ પાડયા—એવું તમને જણાય નહીં
વિના સાબુથી મેલ ધોનાર—કંઇએક છાપા બેશરમ
પારસી કોમથી કોઇને હાથે—અન્યાય ખમી શકાય નહી

દોહા

બાગે વતન ઇરાનના—અમો જરથોસ્તી ફરઝંદ
કાયદા કાનુનથી વરતી—સાચવશું ધર્મ બુલંદ
પારસીઓને તમે પરખો—માણસઇ ખવાસ બધે સરખો—
કાંતો તમે રેંટીઆ ચરખો—તો થશે બેડોપાર—પારસી કોમને

૩

પારસીઓની મીલકત માલ—જોઇને બીછાવી આ જાલ—
દગો દીધો આજકાલ—એવા હીણુજ્ઞાન
વીનાશકાળે—વીપ્રીત બુધ્ધી ચલાવે શ્વાંન સમાંન
પારસી લોકો મીતાહારી—જ્ઞાની વીવેકી વીચારી—
ભાઇબંધ કોમમાં ઉપકારી—કરે ધર્મ પૂન દાંન
સત્તાનાં મદથી—સતામણી કરે જુઓ કોનગ્રેસ નીદાંન

શેર

ભટકે ભૂલ ભૂલામણીમાં—ખોદાતણું શીક્ષણુ ભૂલી
આવી ઓહ્દાની ઘેનમાં—હવે ગયા એકદમ ફુલી
આ ગાંડું ઘેલું મન સુધારો—ખોળો દીલનો હવે ભરમ
પછી ફુંકો કાયદાના મંતર—આંખો હજી કેમ નહીં ખૂલી

દોહા

ગર્વ કોઇનો ના રહ્યો—મનમાં શું મલકાય
હે માનવી તું જાણજે—ધાર્યું ધણીનુંજ થાય
અહીં નહીં ચાલે હોકમ—બલી થશે જીવ ભસમ—
લેશો નહીં આવો જોખમ—રાખો સીધો વહેવાર—પારસી કોમને

ભણ્યા પણ ન ભૂલી જાઓ—કલમના ગોદે ફરેશતાઓ—
બનાવવાને તૈયાર થાઓ—એ કેમ ચાલે
ખાવા પીવા પર—કાયદાની બંધી થાય નહીં કોઇ કાલે
જેઓ રાખે દીલમાં દયા—કેમ તેના દુશમન થયા—
જેથી રવડી સૌ રહયા—તેને કોણ પાલે
આરથીક હીતો—તેમનાં જાળવવા સરકાર ન કેમ ન્યાલે

શેર

જોખમી ઉતાવળ સામે—સરકારને ચેતવણી અપાય છે
દારૂબંધી બીલકુલ અશક્ય—છે એવું સૌને જણાય છે
બદી ઓછી કરવા થકી—એકસાઇઝમાં ફેરફાર કરો
મુંબઇનાં આર્ચબીશપનું—ભાશણ કમાલ ગણાય છે

દોહા

એકબદી દુર કરવા જોતાં—થશે અનેક ભયંકર
ધાર્મિક લાગણી ન દુખવો—તમે ખોદા ખાતર
સ્વતંત્રાની વાતો કરે—હુજત પોતાની લઇ ફરે—પંજો લોખંડી હાથ ધરે—
લીએ અપજશનો ભાર—પારસી કોમને

૫

પ્રજાના મતથી ચુંટાય—છતાં કોમનો મરો થાય—લોક લાજે ન લજાય—
કરે નહીં કંઇ ખ્યાલ
સાડાત્રણ કરોડ—નો ભોગ આપવા માંગે—તેઓ આજકાલ
પ્રોહીબીશનનું વ્હાણ—ભાંગી જશે સાચું માન—ખડક સાથે અથડાય જાન—
છોડો બેઢંગી ચાલ
સાચી ઉન્નતિ—ઇલાકાની કરવામાં છે બહુ માલ

શેર

પ્રજાને આપેલાં વચનો હવે—કેમ ભૂલી જવાય છે
બેકારી દુર કરવા બદલે—તેમાંજ વધારો થાય છે
જરથોસ્તી ક્રીયાઓમાં—દારૂનો વપરાશ ચોકસ ખરો
ચોકસ વર્ગનેજ કચડી નાંખવા—હાથ કેમ લંબાય છે

દોહા

જીવતરપર ધીક્કાર છે—જે ફોકટમાં ફુગરાય
માને નહીં જો કોઇનું—આખર તે પસ્તાય
બળ રાક્ષસી વપડાશે—બીજો કજીઆનાં રોપાશે—
તો મેહનત નીશફળ જાશે—થશે સૌ લાચાર—પારસી કોમને

૬

ભેદભાવ ન વધારો—કુસંપ કજીઆનો છે ભારો—તમો પારસીનાં ઉપકારો—
કેમ ભૂલી ગયા
અંતરકરણથી—હાય શું ભુલી ગયા—નહી તમને દયા
વરસાદ આફતનો વરસશે—સૌની આંતરડી કકલશે—પ્રોહીબીશન નહી થશે—
રાખો સૌપર મયા
તબીબી વીદ્યા—ની રાહે તપાસ કરો કેમ બેફામ રહ્યા

શેર

ગુલામી મનોવૃતવાલી—ન પ્રજા બનાવવા વીચારીએ
બેવાની આપખુદી ભોગવી—ન ખાડે કોઇને ઉતારીએ
સત્તાની ઉપર આવ્યા તો—સતામણી કરવા લાગ્યા
ન બીચકાવીએ, ધ્રભરાવીએ—પ્રજાનાં મતો સ્વીકારીએ

દોહા

માને નહીં કોઇનું કહ્યું—ફાતેલાઓ ફુગરાય
આવા ભેજાનાં ભુંસો—પાછલ હારમાર થાય
છે કાયાનો રંગ કાચો—આ તમારો પોકલ સાચો—જોઇ નહીં તમે નાચો—
કહું વારંવાર—પારસી કોમને

૭

પાક પરવરનાં બંદા—લઇ પ્રોહીબીશનના ધંધા—
છતી આંખે બન્યા અંધા—જેને નહીં દેખાય
ઘરની બાનુઓ—શુદ્ધાં ખોઇ બેસે અને રડતી જણાય
છોકરા બચ્ચાં દધેડ જાય—દુખ દરીયામાં હોમાય—વીલાપ કરે હાય હાય—
ધુલમાં રોલાય
તેઓની હાએ—જે કોઇ લેશે તે ગુનેહગાર ગણાય

શેર

આજ પારસી ઘેરેઘેરે—શોક ફેલાયલો જોવાય છે
ગમગીન અને વીલાપમાં—હાય મારતાં દેખાય છે
દુખી કરીને કોઇ સુખી—થયું નથી તે જાણજો
પ્રોહીબીશનની ચલવલમાં—પારસી બાનુઓ જોડાય છે

દોહા

શું શું કીધાથી શું શું થશે—તેનો કરજો વીચાર
આખા દેશનું સાંભળો—ના રહો બે દરકાર
પગલુંભરે જોખમભર્યું—શેહરનું સત્યાનાસ કર્યું—
આખર ન કંઇ તેમાં વલ્યું—કેમ આવા બેદરકાર—પારસી કોમને

૮

જાણી જોઇ કીધું તુફાન—પણ થયા ગાંધી હેરાન—વીરાવાલાને હાથ માન—
વાહરે દરબાર ઠાકર
નીચું જોઇને—ખાધી છે હાર ગાંધીએ ખોઇ વક્કર—
રાજકોટ થયું પ્રખ્યાત—ગાંધીજીને કરી મહાત—કીધી બહાદુરીની વાત—
જોઇ આવું ચકકર
ગાંધીજીની—કહાડી નાંખી છે ગીલીટ, જોઇને મકકર—

શેર

જેલ જઇ આવેલ પારસી પાસ—કરાવે પ્રોપેગેન્ડા મલકાઇને
નાં કલંક પોતાને લગાડો ભારી—મુંગા બેશો શરમાઇને
લોક પ્રોહીબીશન નથી માંગતું—સેનસસ કાંય લેતા નથી
ધાર્મિક રસમોની આડે ન આવવા—કહે લોક શ્રભરાઇને

દોહા

ગરીબ પ્રજાને દબાવે નહી—તે સરકાર કહેવાય
શુરા થઇ રક્ષણ કરે—અને થાય લોકોને સહાય
ગરીબોના ગલાં કાપે—ખાલી લોકોને સંતાપે—ભરાએ છે તેઓ પાપે—
કરે ભારે અપકાર—પારસી કોમને

૯

ભોગ મહેસુલનો ગંજાવર—આપી જંગી ખરચ આખર—
કરશો કયાંથી તમે દલદર—કંઇ વીચારોને
દેવનાં ડોકાં—નો ભાગ ભજવી મમતા મુંઢ વીસારોને—
સઘળાં આવા કામ માટે—તમે હવે પોતે જાતે—
જવાબ દીઓ રસ્તે વાટે—વરણ અઢારોને
ઝઘડા જગતના—ફોકટમાં કરો નહીં પ્રાંણુ ઉગારોને—

શેર

પારસીઓનું ડેપ્યુટેશન—ગયું છે ધારો મનથકી
અમલની શરૂઆતથીજ—આવું કરો છો જઇ છકી
પાપ કર્મ કાવાદાવા લોભ—સ્વાર્થ ચાલુ રહશે
જોઇ વીચારી કદમ ધરો—મરશો તમે એક દી નકી

દોહા

આવી કરણી તજી દઇ—રાખો દીલમાં દાજ
બેહયાઇનાં પરડાઓ—ઉડી રહ્યા છે આજ
ખરાં વચનોને પાલે—સૌ કાયદા મુજબ ચાલે—ગરીબ પ્રજાને સંભાલે—
તો કહેવાય ઉપકાર—પારસી કોમને

પારસી બાનુઓ જોડાય—પ્રોહીબીશન સામે થાય—તોએ સરકાર ન ગભરાય—
લાવે મન અભીમાન—
કાગ પવીતર—કદી ન થાય ચાહે કરે ગંગા સ્નાન
ગાઉટ ગુરદાના બગારા—એવા કંઇ કંઇ દુખો ન્યારા—રૂમેટીઝમ થાય સારા—
દવા સ્તેપનું જાન
અકલનાં ઓછા—આ બધી વાતને સંમજે પથર સમાન

શેર

કેળવણનીનું બીજ શુભ છે—તેને કદી નહી વીસારીએ
રૈયતનો શું પોકાર છે—તે માટે આપણ વીચારીએ
કષ્તનો ઉતારો ભાર અરે—સરકાર કયાં સુધી બોલીએ
ઇનસાફી રાહે ચાલીને—સરવેને ભવપાર તારીએ

દોહા

જેના કામ તે તેજ કરે, કદી ન બીજાથી થાય
અકલનાં અંધા થઇ, ધરતીપર અફડાય

દીલમાં રાખી રહેમ નજર—પ્રજાની કસોટી કર—થાળ ઇનસાફની તું ધર—
છે બાકી દિવસ ચાર—પારસી કોમને

૧૧

જોઇ શહેરની જાહોજલાલી—સત્યાનાસી કેવી વાલી—
બારમે કલાકે આ ખાલી—આંખ ઉઘડશે
કોઇવાર બદલો—તેનો કુદરત આપશે—જરૂર રખડશે
બોજો કરેનો વધારે—રાજદ્વારી ડહાપણ ભારે—દેખાડે પણ ન સુધારે—
તો પાછળ રડશે
અધર હવામાં—કીલ્લાઓ બાંધશે—તે તુરત પડશે

શેર

આમાં અજાણ્યું કંઇ નથી—જે હકીકત છે તે જણાંઉં છું
જે જે બન્યું રાજકોટમાં—તેવુંજ બનશે સમજાઉં છું
પારસી બાનુનો ભોગ લેવાયો—કાળા કાયદાને લીધે
ચકડોળે ચહડી છે વાત તો—તાહરૂં દીલ ધડકાઉં છું

દોહા

અંતરમાં અગની બળે, તે કેમ કરી બુજાય
સત્તામદથી વધેલાઓ બાહદર નહિ જણાય

આવા ઘોટાળાઓ થાય—કોમ લાગણી દુખાય—તોએ આંધળા થઇ જાય—
તેમા ફેર ન લગાર—પારસી કોમને

૧૨

પારસી કોમ તે હીંદુસ્તાન—દેશની આંખોની સમાન—
દેશનાં હાથ પગો દીલજાન—છે ખરા દીનદાર
કહેવાતા મહાત્મા—છે પારસી કોમના ભારે દેવાદાર
જ્યારે મહા સંકટમાં પડયા—ત્યારે પારસીએ ઉગારયા—
કોઇ વાતથી ન ડરયા—જાતે ચાલાક હુશ્યાર
પારસી બાનુ તો—પોતાનું લોહી આપવા થઇ હતી તૈયાર

શેર

પારસી કોમનો ઇતીહાસ તે—આ દેશનો ઇતીહાસ છે
તે પારસી કોમની તારાજી—કરવાનો એખલો ભાસ છે
આગેવાન શેહરોને મુકી દઇ—મુંબઇનેજ કાંય ધ્રભરાવો છો
કોમનો અવાજ ગણકારતા—નથી તો સૌનો જીવ ઉદાસ છે

દોહા

ઉપકારનો બદલો જુઓ—આ છે ખરો અપકાર
પાક અશો અહુરમઝદ પર—રાખો હવે આધાર
રાવણ જેવો હીંમતવાન—રાખ્યું તેને અભીમાન—તેથી ખાક બન્યો આસાન
—કર વિચાર સો વાર—પારસી કોમને

૧૩

સમસ્ત હીંદનો ઉધ્ધાર—શું આએ રીતે વિચાર—કરવા નીકળ્યા તૈયાર—
શું કહું વારંવાર
દુન્યાના ઇતીહાસ—માં નહી કદી બનેલું—જોવાય યાર
પારસીઓ શેરે બબર—કરશે લડત કાયદેસર—નેક શાખનાં શજર—
કરશે ખરો પોકાર
હૃદયનો પલટો—કરાવશે જરૂર સમજો શ્રીયુતો સરદાર

શેર

કાળો કાયદો આવશે—એવું ન કોઇ ધારતા
દારૂ બદીનું મુળ છે—એવું ન કોઇ વિચારતા
અક્કલનો ઇજારો કોનગ્રેસ વાદીનેજ મલ્યો ખરો !
જીંદગી ભરનો આ ઇતીહાસ ન તમો કદી વીસારતા

દોહા

જગ કરતા હરતા એક તે—ખરેખરો બળવાન
સંસાર નૌકામા જુઓ—છે તેને એક સમાન
થશે મામલો ગંભીર—રહેતી હૈયે ન કંઇ ધીર—ધ્રુજે લોકોનાં શરીર—
થશે સૌ નીરધાર—પારસી કોમને

૧૪

નહી જાતે શરમાઇ—દેખાડે પાક બેહયાઇ—વલી ચોખ્ખી નફ્ફટાઇ—
શું કહું હું બ્યાન
પોતાનો દીકરો—દારૂડીઓ કેહેવાયો નહીં સુધર્યો હેવાન
દારૂતણાં મોહમાં પડયો—તેને સીધો નહીં કર્યો—
આખર દારૂડીઓ નીવડયો—થયો બેઇમાન
તેથી આ શેહરની—આગેવાન કોમ—દીયો તમારો જાન

શેર

હજારો માણસની નીભતી રોજી—છુટવવાનો શું અધીકાર છે
કારમી કતલ કોણુને શીર—રહેશે તેની કંઇ દરકાર છે
દુષ્ટ ઘાતકી હીંસાથી—દુખીઓની હત્યા તમારે શીર
ખોદાતાલાની ખફ્ગીમાંથી—બચવું એ દુશવાર છે

દોહા

પારસીઓએ કોનગ્રેસ ઉપર—કીધાં ભારે અહેસાન
એક સંપીથી રહેવું—એજ હતું બસ ધ્યાન
રોજી મનુષ્યનું જીવન—કેમ કરો મન મ્હાલુ—ધરી મોહ મદનો દરપન—
જુઠી છોડો તકરાર—પારસી કોમને

૧૫

નેમ ધરમ ખટ કરમ—તજી બેઠા છો શરમ—લાગે સરવે કોમને ગમ—
ભૂલ્યા કોલ કરાર
બદીનું મુલ તો—ઇનસાનની જાત સાથે વલગેલું ધાર
બદી ભલાઇમાં ફેરવવા—બાંય ચઢાવીને લડવા—
બળ અજમાવા નીકલ્યા—બની ઓધેદાર
કોઇ વસ્તુનો—દુર ઉપયોગ કરવાથી થાય બદી અપાર

શેર

મહાસાગરમાં દીપાં સમાન—જરથોસ્તી કોમ કયાની તમે
દારૂના ઉપયોગ છતાં—છો ઇજતની નીશાની તમે
જગતને દ્વેષભાવથી—નાખે છે ઉંડા ખાડામાં
આ ન ધારેલી આફતમાં—ધીર ધરો જ્ઞાની તમે

દોહા

જનમ લઇને જગતમાં—કરે નેકીનાં કાંમ
અંમર કીર્તી મેલવે—એવા ખબરદાર તમામ
રાખે અદભૂત બુધીબળ—તેજ મનશક્તી ચપલ—એવી મોટી ચલવલ—
પર નાખે ફીટકાર—પારસી કોમને

૧૬

આતશ ઉપર જાનફેશાની—કરતી પારસી કોમ નાની—
ખરેખરા બહાદુર ક્યાંની—સમજો દાનાઓ
ધાકધમકીથી—કદી નહીં મુગા બેસે આ વીરલાઓ
હાલની તમારી રાજનીતી—સામે લડશું રાખી રીતી
બાથોબાથ લડશું ચીતી—જરા શરમાઓ
ઉંધી રીત જો—ધરશો—દેખાશે નવા વીરાવાળાઓ

શેર

અમારી કીરતી જાહોજલાલી—જોઈ શકે નહીં છાલકાઓ
કાયદાને નામે જુગતી યુકતી—કરે પોથીનાં પુછડાંઓ
કરો ભરીએ તે શા માટે—શું શહેરનો નાશ કરવા થકી
પારસી કોમ વફાદાર છે—સુનો અદેખા કોનગ્રેસીઆઓ

દોહા

બલા આફતને ટાળશું આ કેસજ નથી તદન
એ તો છે દેખઇતો સીતમ—ન ચાલે ફીતુર ફન
બ્રીટીશ સલતનત અંદર—જરથોસ્તીઓ નામેવર—
રાખશે કીરતી અમર—ધીરજનાં ધરનાર—પારસી કોમને

૧૭

આ જુલમી સરકાર—દેશી અંગ્રેજ વચે યાર—રાખે તફાવત હદ બહાર—
ચસકેલ ચસેલ
દારૂબંધીની—બાબદમાં ભલતું સમજાવે—અડીયેલ અડેલ
બંગલો રેતીપર બંધાયો—પાયો લુલો આ નખાયો—
ચાલે ક્યાંસુધી ફસાયો—અકડેલ ઉખરેલ
ભૂલમાં ભરમેલ—ન કર હઠીલાઇ—સદા હારેલ હડેલ

શેર

રીવાજ તરીકે નહીં પણ—ધર્મ ફરમાન મુજબ વપરાય છે
કદી બંધી તેની થઇ નથી—આ જુલ્મીપણું જણાય છે
દાણચોરી, લાંચ રૂશવત—દગાફંદા દાખલ થશે
ભૂંડો કાલચક્ર આવશે—એ શું ન તમને દેખાય છે

દોહા

જૂઠાં ફાંફાં છોડી દીયો—મેલવો મુકતી દવાર
ગુરૂ તમારો પારસી—તજો કરવી તકરાર
બડાઇ કરે આજકાલ—જોઇને કહું છું તારી ફાલ—
છોડો કફોડી જંજાલ—જોશો સૌનો ધીક્કાર—પારસી કોમને

૧૮

કોઇને દુખીયા કરીને—સુખે બેસે ન ઠરીને—ખોદાતાલાથી ડરીને—
કરો નેકીનાં કામ

ધર્મની બાબદ—માં માથુ ના મારો હવે તમે સરેઆમ—
ફેરો જીંદગીનો અમુલ—તમે કરી જાઓ વસુલ—
આ તો પાપનું છે મુલ—આવશે બુરો અંજામ
ઝઘડા પતાઓ—તો રહેશે આ દુન્યાંમાં અંમર નામ—

શેર

ઝેર વધે અને વેર વધે—એવું રાવણનું રાજ થયું
સંતોષનો થયો છે નાશ—જોર દગાનું આજ થયું
ઝઘડા, ધર્મપર ધાડ ને—ભયંકર ગરીબઇ આવી ગઇ
જુલ્મી કાયદાનો ભય—વધ્યે સૌ તારાજ થયું

દોહા

ગુમાની છોડી દઇ હવે—શાંન્તી સૌને આપો
ધ્રુજે કલમ લખતાં સુખન—દુખ હવે કાપો

લોક લાજથી ન ડરે—ન દાજ દુખની દીલે ધરે—તે કેવી રીતે સેવા કરે—
લીઓ બીજો અવતાર—પારસી કોમને

૧૯

દોસ્ત હોવાનો દોલ ઘાલે—દુશમન માફક પુરો ચાલે—
સોંપો તેને જમ હવાલે—સમજો દીલબર
આ ગાંધી ઉપર—જરાકબી રહેશે ન માન દુન્યા અંદર
હીમાલ્યન ભુલો કરે—મારી માગે અપવાસ ધરે—
સૌનાં દીલમાં ચોખ્ખો ઠરે—કરે જુલ્મ જબર
છેલ્લે પાતલે—બેસીને ઠગે ઇશ્વરને પ્રીતનેગર

શેર

ગાંધીનો દીકરો અબદુલ્લા—ગાંધીનો નાશ થયો નથી
તો બીજાઓનો નાશ કરવા—કોઇ માની કુખમાં રહયો નથી
તાબડતોબ દારૂની બંધી—એતો છુપું વેર સમજી લીઓ
પારસી રૂ. ઘોરખોડુ એ—શું એને બચાવ્યો નથી

દોહા

બીજા પારસી શેરાબજી—અડાજણીઆ દીલદાર
બચાવ્યો જીવના જોખમે—શું તેનો આ ઉપકાર

રાજદવારી અભ્યાસ—ની છે જરૂર તેમને ખાસ—ફોકટ ચાવે સુકું ઘાસ—
સમજો નરનાર—પારસી કોમને

ગુમાનીની ટાંચ ચહડે—નક્કી તે તો નીચે પહડે—આફ્ત વીધનમાં તે રડે—
થઇ અવીચારી—

ગરજ સરી તો—વઇદ વેરી એવું કરવા નીકલ્યા અધીકારી
જો કોઇ સત્તાપર આવે—ફરજ પોતાની બજાવે—આ તો હાથમાં ઉડાવે—
કરી ફીસ્યારી—

રોગ નવાબી—છોડીને પૂછડું દાબી નાહાશો હારી

શેર

ગુણજ્ઞાન વીણુ ઓધા લીએ—તેની ફજેતી થાય છે
ઠુંઠો થઇને લખવા માગે—નહીં તેનાથી લખાય છે
ખીલા ઉપાડ કરવા બેઠા—તેનો કડવો અનુભવ લીઓ
કાચને હીરા વચે તફાવત—એઓથી નહીં પરખાય છે

દોહા

રહી સદગુણથી વેગળા—નીચ કીચમાં નહાય
સતનો અનાદર કરી—સંકટમાં સપડાય

મનથી તમે ના ફુલાઓ—સંમજો મુરખાઓ ચીબાઓ—
હવે તમે ચાલ્યા જાઓ—હજી જોઇએ વરસ બાર—પારસી કોમને

૨૧

મુક્કાબાજ મુસોલીનીની—ગુંડાબાજ હીતલરજીની—માફક વાત બહાદરીની
—તેઓ કર્યા કરે

ભાષણો આપે—ઉશકેરે, પોપટ વાડીમાં ફર્યા કરે
પારસીઓ તો ઇમાનદાર—ઇશ્વર શ્રધાવાલા યાર—નથી તેઓ ડરનાર
—કાયદા ધર્યા કરે

કપટી કોહલાંઓ—દલીન્દર દલનું પોતાનું દર્યા કરે—

શેર

હઠીલાઓ હઠ નહીં છોડે—અધુરાઓ છલકાય છે
કાળો ગોરો થવા જાય પણ—ગોરો નહી થવાય છે
છતી આંખે ઉંધુ કરશો—દુન્યાને દુઃખ ભયંકર થશે
ભસંમી લગાડે તનપર જુઓ—પણ જોગી નહીં કહેવાય છે

દોહા

ન હોય અહીંસાને શુદ્ધ વચન—તે કયાંથી થાય આબાદ
નીરો પીવાનું છોડો—થશે દોલતાસા બરબાદ

ઘેરો શેહેરો આલીશાન—લુટાશે મોહલ્લા મકાન—થશે આબાદી વેરાન
—રડશે લોકો નવધાર—પારસી કોમને

૨૨

ઉઠાં અજાને ભણાવે—અભણ રૈયતને સમજાવે—બોલેચાલે જેમ ફાવે—
—નથી કરતાં કંઇ ક્યાસ
આજુબાજુ—જુએ નહીં, વાલે રૈયતનું સત્યાનાસ
ફેંકી દેશો ઉલટા પાસા—ભરશો સાંસા ઉપર સાંસા—
નાં રાખતા કંઇબી આશા—નાં મારો દફાસ
પ્રોહીબીશન તો—કરશે ખુવારી—વાળશે શાંતીનો નાશ.

શેર

છે તું તાડી પીનારો મોહન—તો હું બી મોહનમાલ છું
છે બારડોલીનો તું સરદાર—તો હું બી ક્રોધનો કાળ છું
દારૂની બંધીની ઇમારત—પાયા વગરની જાણજે
કાટ હેઠળ કચડાઇ જાશો—હું તો પુરા ગરૂનો બાળ છું

દોહા

હલકો હલકાઇ કરી—હ્રદયે અતિ હરખાય
હલકા બોલો બોલીને—હરજગ જગે હિણાય

રહી ધર્મમાં ચકચુર—પારસી આફત કરે દુર—મોંઢા ઉપર ચમકે નુર—
મળવે માન ઠારે ઠાર—પારસી કોમને

૨૩

પારસીઓ તો પારૂખીઓ—દીલેખરા પરમાર્થીઓ—
છોડી દીયો દમડાતીઓ—તમે કોણ કહેનાર
કરોડો રૂપ્યા—ની સખાવત કોઇબી જાતમાં છે કરનાર—
મહેતાજી હાથ સોટી લઇ—બાલકોની આગલ જઇ—ધમકાવે છે ડાટી દઇ—
તેવા વેણ કાઢનાર
કઢેલ મુનશી—આપે ધમકી ને રાખે દમપર સુમાર—

શેર

સત્યની ડીંગો મારતા—હીંમતથી બહાર આવો તમે
આંખે પાટા બાંધી ઉલટે—રસ્તે ન લઇ જાવો તમે
રાજતંત્ર ચલાવવામાં—શ્રયુત વીઠલભાઇ બાહોશ હતા
છતાં દારૂથી કંમબુદ્ધીશાલી—હતા કે તે સમજાવો તમે

દોહા

નદી નાલા છળકાય છે,—સાગર નહિ છળકાય
બોલે જે કોઇ ભલતું—તો, મોઢું તેનું ગંધાય

પારસીઓ તો એકીનદારો—વીર શુરા સરદારો—છોડી તમારો ધખારો—
છીએ અમો હકદાર—પારસી કોમને

૨૪

૧૯૨૧ સાલ દરમ્યાન—ચાલ્યું પીકેટીંગ તુફાન—કીધા પારસીને હેરાન—
કરી અતી અહંકાર

પણ ફાવ્યા નહી—કેમ કે તેઓજ હતા મવાલી પીનાર

મુંબઇ શેહરનાં દારૂવાલા—કરે હજી કાલાવાલા—
સાદા માદા ભોલા ભાલા—થાય દલગીર અપાર

પણ માને નહીં—બેઠા છે ફકટ તેઓને કરવા ઠાર

શેર

વાળેલા નહીં વળશો તમે—જોશો ન સાર કીધેલમાં
દઇને દગો પારસીઓને—નહીં આવી જાઓ ઘેલમાં
જાતે પારસીઓ ગણાઇ—સાથ આપે કોમદ્રોહીઓ
ફયુનો-બોલ છોડી દીયો—નથી સાર આવા ફેલમાં

દોહા

ભૂલ્યા મદમાં ફુલ્યા તમે—ન રાખો કંઇબી આસ
રાજકારભાર ચલાવવાને—જોઇએ પુરો અભ્યાસ

લાખો માણસ બેકાર બનશે—ધંધા વગરનાં સૌ થશે—
સરવેને દુખ ખમવું પડશે—થશે લાખો બેકાર

૨૫

તમને બેકાર બનાવીએ—મીલકત ઉપર કરો નાખીએ—
તમે લોકોથી લુંટાઇએ—આવ્યે ઓખ્ખા ઉપર

...જ કરીને—ચુપચુપ સંમતી આપો તમે શાની ચતર

... ઉપરથી શું સમજવું—ધંધા ધાપે લુટઇ જવું—
આખર કપાલ કુટી રડવું—અને ધરવી સબર

...ફત તનપર—સેહેવીને માંગવી દોઆ—જશે કાળ ચક્કર

શેર

ખુદાની ગેબી શક્તિની મદદ—મેળવવા ઇનતેઝાર છે
પ્રોહીબીશનના નેહસ્ત કાયદા—ને તું ખુદા તોડનાર છે
આખી પારસી કોમે જુઓ—કીધા બંદગી પુરેપુરી
અવસ્તાવાણીમાં ખરી—અમો સૌને પુરો ઇતબાર છે

દોહા

એમ કરવે જરથોસ્તીઓ—અવસ્તાપર કુરબાન

પાક પયગમ્બરની સેવા—કરશું રાખી ઇમાન

બંદગી તો તુરત ફળશે—પાક યઝદાં સો સાંભળશે—દુશમનોનું હૈયું બળશે—

દાદ લેશે દાદાર—પારસી કોમને

૨૬

ખુદની મતલબનું કરવાનું—પણ સમજ શું થવાનું—

ગાડું ઉંધું વળવાનું—મોઢ વાણીઆઓ

પારસી કોમની—આબાદી જોઇ ન શકયા હઠીલાઓ

મોહન સરખા જદી મલ્યા—કજીઆને કંકાસો વધ્યા—

બીજાઓ કુપાતર ઠરયા—કેવા આ નેતાઓ

પારસીઓનું—નિકંદન કાઢવા બેસે આ મુરખાઓ—

શેર

પુર દાખલાને દલીલો દઇ—કીધો છે પુરો ખ્યાલજી

અભીમાનનુ પાન નચાવ્યે—શું આગલ કહું હેવાલજી

આ શહેરની સેવા ખાતર—અનેક વકતાઓ ઉભા જુઓ

પ્રોહીબીશન કરવા થકી—હજી જોઇએ સતર સાલજી

દોહા

કદર કીધી નહી પારસીની—ગુમાવ્યુ માનનું પાન

તીલા તાણો તારી પીને—કહું કયાં સુધી હું બ્યાંન

આદીલ જહાંબક્ષ સજન—કરે સઉને નમન—અરદેશરને ધનધન—

લખ્યો ખ્યાલ જુસ્સાદાર—પારસી કોમને

૨૭

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ, નં. ૨૩, ગોવા સ્ટ્રીટ, બેલાર્ડ એસ્ટેટ, કોટ, મુંબઈ મધે
મી. એ. એફ. ડી'સુઝાએ છાપ્યું છે અને એરવદ અરદેશર બ. પાવરીએ
બાટલીવાલા વિલા, સ્લેટર રોડ, ગ્રાંટરોડ પરથી પ્રગટ કર્યું છે.